એશિયન પેરા ગેમ્સ

એથ્લેટિક્સમાં ગોલ્ડ રશ સાથે ભારત પાંચમા સ્થાને

પેરા એથ્લેટ્સના પાંચ ગોલ્ડ સહિત ભારતે 22 મેડલ જીત્યા, કુલ 14 ગોલ્ડ સહિત 62 મેડલ કબજે કર્યા

સ્પ્રિન્ટર સિમરન, હાઇ જમ્પર પ્રવીણ અને શોટ પૂટર સચિને નવા ગેમ્સ રેકોર્ડ બનાવી ગોલ્ડ જીત્યા

તિંરદાજી મહિલા ડબલ્સ, સ્વિમિંગ, પાવર લિફ્ટીંગ, બેડમિન્ટનમાં સિલ્વર મેડલ ભારતના ફાળે

નાગોયા, તા. 21 (પીટીઆઇ) : એશિયન પેરા ગેમ્સમાં ભારતીય ટ્રેક અને ફીલ્ડ એથ્લેટોએ શાનદાર પ્રદર્શન કરતા આજે બુધવારે પાંચ ગોલ્ડ સાથે કુલ 22 મેડલ જીતીને ભારત ઓવરઓલ મેડલ તાલિકામાં પંચમાં સ્થાને પહોંચી ગયું છે. ભારત માટે સ્પ્રિન્ટર સિમરન, હાઇ જમ્પર પ્રવીણ કુમાર અને શોટ પટર સચિન ખિલારીએ નવા ગેમ્સ રેકોર્ડ પણ બનાવ્યા હતા.

ભારતે અત્યાર સુધીમાં કુલ 62 મેડલ મેળવ્યા છે, જેમાં 14 ગોલ્ડ, 22 સિલ્વર અને 26 બ્રોન્ઝ સામેલ છે. કુલ 14 ગોલ્ડમાંથી 13 ગોલ્ડ માત્ર એથ્લેટિક્સમાંથી આવ્યા છે. સિમરને મહિલાઓની 100 મીટર T12 કેટેગરીમાં 12.02 સેકન્ડના ગેમ્સ રેકોર્ડ સમય સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો, જે તેનો સ્પર્ધામાં બીજો ગોલ્ડ છે.

આ ઉપરાંત દિલીપ ગાવિત 100 મીટર T47માં 10.69 સેકન્ડનો સમય લઈને ગોલ્ડ જીત્યો જ્યારે આયુષ વર્મા શોટ પુટ F53માં 8.16 મીટરના થ્રો સાથે ગોલ્ડ જીત્યો, પ્રવીણ કુમારે હાઈ જમ્પ T44/64માં 2.05 મીટરના જમ્પ સાથે ગોલ્ડ જીત્યો અને સચિન ખિલારીએ શોટ પુટ F46માં એશિયન પેરા ગેમ્સના નવા રેકોર્ડ સાથે ગોલ્ડ જીત્યો હતો.

પેરા આર્ચરીમાં આર્મલેસ શીતલ દેવી અને પાયલ નાગે મહિલા ડબલ્સમાં સિલ્વર મેળવ્યો હતો. સ્વિમિંગમાં સ્વિમિંગમાં, રવિ કાર્તિક બુડિગીનાએ પુરુષોની 100 મીટર બેકસ્ટ્રોક S13 કેટેગરીમાં બીજા સ્થાને રહીને ગેમ્સનો પોતાનો બીજો સિલ્વર મેડલ જીત્યો. હિમાંશુ નંદલે એશિયન પેરા ગેમ્સમાં પુરુષોની 100 મીટર બ્રેસ્ટસ્ટ્રોક S11 ઈવેન્ટમાં ત્રીજા સ્થાને રહીને પોતાનો બીજો બ્રોન્ઝ મેડલ જીત્યો. પેરા બેડમિન્ટનમાં, કૃષ્ણા નાગર અને શિવરાજન સોલાઈમલાઈએ પુરુષોની ડબલ્સ SH6 ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો જ્યારે ડિફેન્ડિંગ ચેમ્પિયન સુહાસ LY, નવીન શિવકુમાર અને અભિજીત સખુજા SL4 કેટેગરીમાં સેમિફાઈનલમાં પહોંચ્યા. જ્યારે પાવરલિફ્ટિંગમાં, પોલિયો સામે લડી રહેલી કસ્તુરી રાજામણીએ મહિલાઓની 67 કિગ્રા શ્રેણીમાં સિલ્વર મેડલ જીતી પોતાની કારકિર્દીની સૌથી મોટી સફળતા મેળવી હતી. હાઈ જમ્પ T44/64 ઈવેન્ટમાં બંટીએ 1.92 મીટરના જમ્પ સાથે સિલ્વર મેડલ જીત્યો. પુરુષોની 100 મીટર T47 સ્પર્ધામાં ભારતના મોહમ્મદ મોરસિંગનાકથે 10.72 સેકન્ડનો સમય લઈ સિલ્વર મેડલ જીત્યો.

પેરા આર્ચરી : શીતલ-પાયલે મહિલા ડબલ્સમાં સિલ્વર, સ્વાતિ-આદિલે મિક્ષ્ડ ટીમમાં બ્રોન્ઝ જીત્યો

નાગોયા, તા. 21 (પીટીઆઈ) : ભારતીય મહિલા ડબલ્સ જોડી શીતલ દેવી અને પાયલ નાગને ફાઇનલમાં હાર બાદ સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો, જ્યારે સ્વાતિ ચૌધરી અને આદિલ મુહમ્મદ નઝીર અન્સારીએ બુધવારે અહીં એશિયન પેરા ગેમ્સમાં મિક્ષ્ડ ટીમ W1 રિકર્વ ઇવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો. જન્મથી જ હાથ વગરની શીતલ અને બંને હાથ અને પગમાં વિકલાંગ પાયલનો ગોલ્ડ મેડલ મેચ ચીનની ઝુ ઝુઇકિંગ અને ઝાઓ જિંગ સામે 141-150થી હારી હતી. શીતલે આ ઇવેન્ટમાં સતત બીજો સિલ્વર મેડલ જીત્યો. તે વ્યક્તિગત ઇવેન્ટમાં પણ ગોલ્ડ મેડલની દાવેદાર છે. દરમિયાન, તોમન કુમાર અને શ્યામ સુંદર સ્વામીની પુરુષ ડબલ્સની જોડી ચીનના એઈ ઝિનલિયાંગ અને ઝાંગ ચિચેંગ સામે ૧૫૩-૧૫૪થી હારી જતાં બ્રોન્ઝ મેડલ ચૂકી ગઈ.

સચિનના ગોલ્ડ સાથે શોટ પુટ F46 ઇવેન્ટમાં ભારતનું ક્લીન સ્વીપ

સચિને 15.87 મીટરના થ્રો સાથે ગેમ્સ રેકોર્ડ તોડ્યો, યાસરે સિલ્વર, પરવીને બ્રોન્ઝ જીત્યો

નાગોયા, તા. 21 (પીટીઆઈ) : સચિન સરજેરાવ ખિલારીએ આજે બુધવારે અહીં એશિયન પેરા ગેમ્સ એથ્લેટિક્સ સ્પર્ધામાં પુરુષોની શોટ પુટ F46 ઇવેન્ટમાં નવા ગેમ્સ રેકોર્ડ સાથે ગોલ્ડ મેડલ જીતવાની સાથે ભારતીય રમતવીરોએ આ ઇવેન્ટમાં ક્લીન સ્વીપ કર્યું હતું. પેરિસ પેરાલિમ્પિક્સમાં સિલ્વર મેડલ જીતનાર સચિને છેલ્લી એશિયન પેરા ગેમ્સના પોતાના ગોલ્ડ મેડલનો સફળતાપૂર્વક બચાવ કર્યો. તેણે પોતાના છઠ્ઠા અને અંતિમ થ્રોમાં 15.87 મીટરના થ્રો સાથે પ્રથમ સ્થાન મેળવ્યું, અને 15.67 મીટરનો અગાઉનો ગેમ્સ રેકોર્ડ તોડ્યો હતો. ભારતના મોહમ્મદ યાસરે પોતાના ત્રીજા પ્રયાસમાં 15.06 મીટરના થ્રો સાથે સિલ્વર મેડલ જીત્યો, જ્યારે પરવીન 14.94 મીટર સાથે ત્રીજા સ્થાને રહ્યો હતો. F46 શ્રેણી એથ્લેટ્સ માટે છે જેમના હાથ કોણીની ઉપર અથવા નીચે કાપવામાં આવ્યા છે, અથવા ઉપલા અંગોમાં અપંગતા છે. તેઓ ઉભા રહીને સ્પર્ધા કરે છે અને શોટ પુટને શક્તિ આપવા માટે તેમના હિપ્સ અને પગનો ઉપયોગ કરે છે.

મેન્સ હાઇ જમ્પ T44/64 ઇવેન્ટમાં પ્રવીણ કુમારે ગોલ્ડ બંટીએ સિલ્વર જીત્યો

નાગોયા, તા. 21 (પીટીઆઈ) : ભારતના પ્રવીણ કુમારે આજે બુધવારે અહીં એશિયન પેરા ગેમ્સ એથ્લેટિક્સ સ્પર્ધામાં પુરુષોની હાઈ જમ્પ T44/64 ઇવેન્ટમાં નવા ગેમ્સ રેકોર્ડ સાથે ગોલ્ડ મેડલ જીત્યો જ્યારે બંટીએ એ જ ઇવેન્ટમાં સિલ્વર મેડલ જીતતા ભારતે ડબલ પોડિયમ ફિનિશ મેળવ્યું હતું. પ્રવીણે 2.05 મીટરના જમ્પ સાથે ગોલ્ડ મેડલ જીત્યો, જ્યારે બંટીએ 1.92 મીટરના જમ્પ સાથે સિલ્વર મેડલ જીત્યો. ઉઝબેકિસ્તાનના ટેમુરબેક ગિયાઝોવ 1.86 મીટરના જમ્પ સાથે ત્રીજા સ્થાને રહ્યો હતો. વર્લ્ડ પેરા એથ્લેટિક્સ પૂરતા સ્પર્ધકો અને વાજબી સ્પર્ધા સુનિશ્ચિત કરવા માટે નીચલા અંગોના વર્ગોને એકસાથે જૂથબદ્ધ કરતું હોવાથી T64 અને T44 કેટેગરીના એથ્લેટ્સ ઘણીવાર સંયુક્ત ઇવેન્ટ્સમાં એકસાથે સ્પર્ધા કરે છે. T64 એ એથ્લેટ્સ માટે છે જે કૃત્રિમ નીચલા અંગોનો ઉપયોગ કરે છે, જ્યારે T44 એ એથ્લેટ્સ માટે છે જેમને નીચલા અંગોમાં અપંગતા છે પરંતુ કૃત્રિમ અંગોનો ઉપયોગ કરતા નથી.

આજે પ્રથમ ટી-20

પ્રવાસના થાક વચ્ચે ભારત વિજયી શરૂઆત કરવા ઉત્સુક

ન્યુઝીલેન્ડ સામેની પાંચ મેચની ટી-20 સીરિઝનો આજથી આરંભ, ભારતીય ટીમ માટે પરિસ્થિતિ સાથે અનુકુલન સાધવાનો મોટો પડકાર

લાંબી વિમાન મુસાફરી અને માત્ર બે દિવસના વિરામ વચ્ચે રમાનારી પહેલી મેચમાં ભારતીય બેટિંગ લાઇન અપ પર મોટી જવાબદારી

બપોરે 12.30 વાગ્યાથી રમાનારી મેચનું જીવંત પ્રસારણ સોની સ્પોર્ટ્સ નેટવર્ક પર અને લાઇવ સ્ટ્રીમીંગ સોની લિવ પર

ક્રાઈસ્ટચર્ચ, તા. 21 (પીટીઆઇ) : ન્યુઝીલેન્ડ સામે આવતીકાલથી શરૂ થઈ રહેલી પાંચ મેચની ટી-20 સીરિઝમાં છેલ્લા બે પ્રવાસથી અહીં અજેય રહેલી ભારતીય ટીમ આવતીકાલે ગુરુવારે બપોરે ભારતીય સમય મુજબ બપોરે 12.30 વાગ્યે શરૂ થઈ રહેલી પ્રથમ મેચમાં શ્રેયસ અય્યરના નેતૃત્વમાં મેદાનમાં ઉતરશે. પ્રવાસનો થાક અને માત્ર બે દિવસનો સમય મળવા છતાં ભારતીય ટીમ પોતાની બેટિંગ તાકાતના જોરે ન્યુઝીલેન્ડને પરાજય આપવાના ઈરાદા સાથે ઉતરશે. જો કે ભારતીય ટીમ માટે પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધવું મોટો પડકાર રહેશે.

આ સીરિઝ માટે પસંદ કરાયેલી ભારતીય ટીમમાં માત્ર ચાર જ એવા ખેલાડીઓ છે જેમણે અગાઉ ન્યુઝીલેન્ડની ધરતી પર ટી-20 ઈન્ટરનેશનલ મેચો રમી છે. જેમાં કેપ્ટન અય્યર ઉપરાંત ઈશાન કિશન, સંજુ સેમસન અને શિવમ દુબે સામેલ છે. અભિષેક શર્મા, તિલક વર્મા અને પંદર વર્ષીય વૈભવ સૂર્યવંશી જેવા ખેલાડીઓ વિસ્ફોટક બેટિંગ માટે જાણીતા છે, પરંતુ અહીંની સ્વિંગ અને સીમ કન્ડિશનમાં રમવા માટે થોડી મહેનત કરવી પડશે.

કેપ્ટન અય્યર માટે આ વિદેશી પ્રવાસ અગ્નિપરીક્ષા સમાન છે કારણ કે તેની કેપ્ટન્સીની શરૂઆત આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડમાં પરાજય સાથે થઈ હતી. મિચેલ સેન્ટનરની આગેવાની હેઠળની ન્યુઝીલેન્ડ ટીમ અય્યરની મુશ્કેલીઓમાં વધારો કરવાનો પૂરો પ્રયાસ કરશે. જોકે અનુભવી ઝડપી બોલર ભુવનેશ્વર કુમારની ચાર વર્ષ બાદ વાપસી અને ફિટ થઈ ચૂકેલા સ્પિનર વરુણ ચક્રવર્તી ટીમની બોલિંગ સમસ્યા હલ કરી શકે છે. ન્યુઝીલેન્ડ પાસે જેકબ ડફી, મેટ હેનરી, એડમ મિલ્ને, લોકી ફર્ગ્યુસન, કાયલ જેમીસન અને બ્લેર ટિકનર જેવા ઉત્તમ બોલરો છે.

જો સૂર્યવંશી રમશે તો અમારી પાસે તેના માટે રણનીતિ તૈયાર છે : મિચેલ સેન્ટનર

ક્રાઇસ્ટચર્ચ, તા. 21 (પીટીઆઈ) : ન્યુઝીલેન્ડના કેપ્ટન મિચેલ સેન્ટનરે સ્વીકાર્યું કે જો વૈભવ સૂર્યવંશી આવતીકાલે ગુરુવારથી અહીં શરૂ થઈ રહેલી પાંચ મેચની ટી-20 સીરિઝમાં ભારતની પ્લેઇંગ ઇલેવનમાં સ્થાન મેળવશે તો તેને રોકવા મુશ્કેલ બનશે, પરંતુ તેની ટીમે યુવા બેટ્સમેન માટે કેટલીક વ્યૂહરચના ઘડી છે. સેન્ટનરે પ્રથમ મેચની પૂર્વસંધ્યાએ પત્રકારોને જણાવ્યું કે તે વેસ્ટ ઈન્ડિઝ સામેની છેલ્લી શ્રેણીમાં રમ્યો ન હતો, પરંતુ અમે IPLમાં જોયું કે તે કેટલો સારો ખેલાડી છે. અમે જાણીએ છીએ કે અભિષેક જેવા અન્ય ખેલાડીઓ પણ ખૂબ સારું પ્રદર્શન કરી રહ્યા છે. પરંતુ સૂર્યવંશીની ભૂમિકા મોટી છે. જો તેને આ સીરિઝમાં રમવાની તક મળે, તો અમને ખબર છે કે તે શું કરી શકે છે. બોલરો માટે તેને રોકવો ખૂબ મુશ્કેલ રહ્યો છે. અમે જોયું કે તે કેટલો આક્રમક બેટિંગ કરી શકે છે. જો તેને રમવાની તક મળે તો અમારી પાસે તેના માટે એક રણનીતિ છે.

ઓપનર સારું પ્રદર્શન કરી રહ્યા હોવાથી વૈભવ માટે જગ્યા બનાવવી સરળ નથી : અય્યર

ક્રાઇસ્ટચર્ચ, તા. 21 : ભારતના ટી20આઈ કેપ્ટન શ્રેયસ અય્યરે બુધવારે કહ્યું કે અભિષેક શર્મા અને સંજુ સેમસન ઓપનર તરીકે સતત સારું પ્રદર્શન કરી રહ્યા હોવાથી યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીને પ્લેઈંગ ઇલેવનમાં સ્થાન મેળવવું સરળ નથી. જોકે, તેમણે કહ્યું કે આ કિશોર બેટ્સમેનને યોગ્ય સમયે ચોક્કસ યોગ્ય તકો મળશે. સૂર્યવંશીને આ વર્ષની શરૂઆતમાં ઈંગ્લેન્ડ અને આયર્લેન્ડના પ્રવાસ માટે ટીમમાં પસંદ કરવામાં આવ્યો હતો. ત્યારથી ભારતે રમેલી 21 ટી-20 ઇન્ટરનેશનલ મેચોમાંથી, તે ફક્ત આઠમાં જ રમ્યો છે, કારણ કે નિયમિત ઓપનર અભિષેક અને સેમસન સતત સારું પ્રદર્શન કરી રહ્યા છે. અય્યરે ન્યુઝીલેન્ડ સામેની પાંચ મેચની શ્રેણીની પહેલી મેચની પૂર્વસંધ્યાએ કહ્યું કે તે મહત્વપૂર્ણ છે કેસૂર્યવંશી જેવા પ્રતિભાશાળી ખેલાડીઓ ડ્રેસિંગ રૂમમાં હંમેશા ખુશ રહે. તે ખૂબ જ યુવાન છે અને તેને આગળ જઈને ઘણી તકો મળશે.

બીજી ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાનો માત્ર 99 રનમાં વિંટો વળ્યો, બીજા દાવનો સ્કોર 156/4

425/9ના સ્કોર પર દાવ ડિકલેર કરનારા દક્ષિણ આફ્રિકાએ પ્રથમ દાવની 326 રનની જંગી સરસાઇ મેળવી

85 રનની ઇનિંગ રમનારા માર્કો યાન્સને 33 રના પાંચ વિકેટ ઝડપી ઓસ્ટ્રેલિયાના પતનમાં મુખ્ય ભૂમિકા ભજવી

ટેસ્ટ ઇતિહાસમાં દક્ષિણ આફ્રિકાએ ઓસ્ટ્રેલિયા સામે ત્રીજી સૌથી મોટી પહેલા દાવની સરસાઇ મેળવી

કાબેરહા, તા. 21 : અહીંના સેન્ટ જ્યોર્જ પાર્ક ખાતે રમાઇ રહેલી બીજી ટેસ્ટના ચોથા દિવસે દક્ષિણ આફ્રિકાના નવ વિકેટે 425 રનના પ્રથમ દાવના જવાબમાં ઓસ્ટ્રેલિયાનો પ્રથમ દાવ માત્ર 99 રનમાં સમેટાતા તેઓ ફોલોઓન થયા હતા અને તે પછી ચોથા દિવસના અંતે બીજા દાવમાં ઓસ્ટ્રેલિયાનો સ્કોર ચાર વિકેટે 156 રન હતો અને તેઓ હજુ 170 રન પાછળ હોવાથી તેમના પર ઈનિંગની હારનું જોખમ તોળાયેલું છે.

ચોથા દિવસની શરૂઆત ઓસ્ટ્રેલિયા માટે આઘાતજનક સાબિત થઈ. દક્ષિણ આઝડપી બોલર, માર્કો યાન્સને કાતિલ બોલિંગ કરીને 33 રનમાં પાંચ વિકેટ ઝડપીને ઓસ્ટ્રેલિયાનો 99 રનમાં વિંટો વાળવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. ટેસ્ટ ક્રિકેટ ઈતિહાસમાં દક્ષિણ આફ્રિકાએ ઓસ્ટ્રેલિયા સામે ત્રીજી સૌથી મોટી પ્રથમ ઈનિંગની લીડ લીધી છે.

દક્ષિણ આફ્રિકા પ્રથમ દાવ425/9 ડિકલેર

ઓસ્ટ્રેલિયા પ્રથમ દાવ	રન	બોલ	4	6
મેડિનસન કો.હાર્મર બો.રબાડા	0	4	0	0
હેડ LB બો.યાન્સન	14	24	3	0
બોલેન્ડ કો.રિકલ્ટન બો.યાન્સન	2	14	0	0
લાબુશેન કો.હાર્મર બો.નોર્કિયા	14	25	3	0
સ્મિથ બો.મુલ્ડર	28	88	2	0
રેન શો કો.હાર્મર બો.યાન્સન	12	48	0	0
કેરી કો.રિકલ્ટન બો.યાન્સન	0	2	0	0
વેબસ્ટર કો.માર્કરમ બો.યાન્સન	13	28	2	0
કમિન્સ કો.બ્રિઝકે બો.મુલ્ડર	7	16	1	0
સ્ટાર્ક કો.રિકલ્ટન બો.રબાડા	1	4	0	0
હેઝલવુડ નોટઆઉટ	2	3	0	0
વધારાના	6			
કુલ (42.3 ઓવરમાં ઓલઆઉટ)	99			

વિકેટપતન : 1-0, 2-11, 3-22, 4-45, 5-65, 6-65, 7-84, 8-96, 9-97, 10-99

બોલિંગ	O	M	R	W
કગિસો રબાડા	12	2	33	2
સિમોન હાર્મર	5.3	0	9	0
એડન માર્કરમ	1	1	0	0
માર્કો યાન્સન	11	2	33	5
એનરિક નોર્કિયા	3.3	0	5	1
વિઆન મુલ્ડર	9.3	3	14	2

ઓસ્ટ્રેલિયા બીજો દાવ	રન	બોલ	4	6
મેડિનસન કો.રિકલ્ટન બો.રબાડા	8	10	2	0
હેડ રમતમાં	87	138	9	0
લાબુશેન કો.યાન્સન બો.હાર્મર	39	98	4	0
રેન શો બો.રબાડા	11	23	2	0
વેબસ્ટર LB બો.હાર્મર	8	33	0	0
બોલેન્ડ રમતમાં	2	23	0	0
વધારાના	1			
કુલ (54 ઓવરમાં ચાર વિકેટે)	156			

વિકેટપતન : 1-8, 2-100, 3-123, 4-150

બોલિંગ	O	M	R	W
કગિસો રબાડા	11	1	30	2
માર્કો યાન્સન	9	1	14	0
વિઆન મુલ્ડર	9	1	47	0
સિમોન હાર્મર	18	4	47	2
એડન માર્કરમ	7	1	18	0

આ સદીમાં ઓસ્ટ્રેલિયા ત્રીજી વખત ફોલોઓન

આ મેચમાં ફોલોઓન ફરજિયાત બનાવ પણ એક દુર્લભ ઘટના હતી. આ સદીમાં આ ફક્ત ત્રીજી વખત છે જ્યારે ઓસ્ટ્રેલિયાને ટેસ્ટ મેચમાં ફોલોઓન થવાની ફરજ પડી છે. અગાઉ, ભારતે 2018-19 બોર્ડર-ગાવસ્કર ટ્રોફી દરમિયાન સિડની ટેસ્ટમાં ફોલોઓન કર્યું હતું અને ઈંગ્લેન્ડે 2005ની એશિઝ સીરિઝ દરમિયાન ટ્રેન્ટ બ્રિજ ખાતે ફોલોઓન કર્યું હતું. સિડની ટેસ્ટ વરસાદને કારણે ડ્રો રહી હતી, જ્યારે ઓસ્ટ્રેલિયા ટ્રેન્ટ બ્રિજ ખાતે ત્રણ વિકેટથી હારી ગયું હતું.

રણજી ટ્રોફી રાઉન્ડ અપ

દિલ્હી-ગુજરાત વચ્ચેની મેચ ડ્રો, પ્રથમ ઇનિંગની સરસાઇથી દિલ્હીએ ત્રણ પોઇન્ટ મેળવ્યા

નવી દિલ્હી : અહીંના પાલમ બી ગ્રાઉન્ડ પર રણજી ટ્રોફી એલિટ ગ્રુપ સીની ગુજરાત અને દિલ્હી વચ્ચેની મેચ ડ્રો રહેતા પ્રથમ ઇનિંગની સરસાઇને કારણે દિલ્હીએ ત્રણ પોઇન્ટ મેળવ્યા જ્યારે ગુજરાતને માત્ર એક પોઇન્ટ મળ્યો હતો. દિલ્હીએ આયુષ બદોનીના 217 અને પ્રિયાંશ આર્યના 199 રનની મદદથી છ વિકેટે 648 રનના સ્કોર પર પોતાનો પહેલો દાવ ડિકલેર કર્યા પછી મનન હિંગરાજીયાની સદી અને ચિંતન ગઝાના 82 રન સાથે ગુજરાત 479 રનમાં ઓલઆઉટ થઇને ફોલોઓન પછી એક વિકેટે 15 રન બનાવ્યા હતા ત્યારે મેચ ડ્રો થઇ હતી.

સૌરાષ્ટ્ર-કર્ણાટક વચ્ચેની મેચ ડ્રો, સૌરાષ્ટ્રને ત્રણ જ્યારે કર્ણાટકને એક પોઇન્ટ મળ્યો

અલુર : રણજી ટ્રોફી ગ્રુપ બીની અહીં રમાયેલી એક મેચ આજે બુધવારે ડ્રો રહ્યા પછી સૌરાષ્ટ્રએ કર્ણાટક સામેની પ્રથમ ઇનિંગની સરસાઇના આધારે ત્રણ પોઇન્ટ મેળવ્યા હતા, જ્યારે કર્ણાટકને માત્ર એક પોઇન્ટ મળ્યો હતો. કર્ણાટકના પ્રથમ ઇનિંગના કુલ 342 રનના જવાબમાં સૌરાષ્ટ્રે 349 રન બનાવ્યા હતા. કર્ણાટકએ તેનો બીજો ઇનિંગ સાત વિકેટે 243 રન પર ડિક્લેર કર્યો, જેના જવાબમાં સૌરાષ્ટ્રએ બે વિકેટે 137 રન બનાવ્યા પછી મેચ ડ્રો થઇ હતી.

હિમાચલ પ્રદેશને એક ઇનિંગ્સ અને 97 રનથી હરાવી મુંબઇ ટેબલ ટોપર

બિલાસપુર : રણજી ટ્રોફી એલિટ ગ્રુપ ડી મેચમાં આજે બુધવારે અંહી હિમાચલ પ્રદેશને એક ઇનિંગ્સ અને 97 રનથી હરાવીને મુંબઈએ બોનસ પોઈન્ટ સાથે સતત બીજી જીત નોંધાવીને બે મેચમાં 14 પોઈન્ટ સાથે ટેબલમાં ટોચ પર છે. પહેલી ઈનિંગ આઠ વિકેટે 528 રન પર ડિકલેર કર્યા બાદ, મુંબઈએ પહેલી ઈનિંગમાં હિમાચલનો 140 રનમાં વિંટો વાળીને ફોલોઓન કરી બીજી ઈનિંગમાં 291 રનમાં ઓલઆઉટ કરીને સરળ જીત નોંધાવી. મુંબઈના ઝડપી બોલર મોહિત અવસ્થીએ પાંચ જ્યારે તુષાર દેશપાંડે અને શમ્સ મુલાનીએ બે-બે અને સિલ્વેસ્ટર ડિસોઝાએ એક વિકેટ લીધી.

જલજ સક્સેનાની પાંચ વિકેટની મદદથી કેરળે ઓડિશાને એક ઇનિંગ્સ 36 રનથી હરાવ્યું

તિરુવનંતપુરમ : રણજી ટ્રોફી એલિટ ગ્રુપ સીની આજે બુધવારે અહીં રમાયેલી એક મેચમાં અનુભવી ઓલરાઉન્ડર જલજ સક્સેનાએ બીજી ઇનિંગમાં પાંચ વિકેટ લઇને ફોલોઓન થયેલા ઓડિશાને 143 રનમાં ઓલઆઉટ કરી દેતા કેરળે એક ઇનિંગ અને 36 રનથી જીત મેળવી હતી. આ જીતથી કેરળ પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને પહોંચી ગયું છે. બંગાળ, સતત બીજી જીત સાથે, 12 પોઈન્ટ સાથે ટોચ પર છે. પહેલા રાઉન્ડ પછી ટોચ પર રહેલું ગુજરાત પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને સરકી ગયું. કેરળ અને ગુજરાત બંનેના આઠ-આઠ પોઈન્ટ છે.

ચેમ્પિયન્સ લીગ : PSGનો બાર્સેલોના સામે રોમાંચક વિજય, લિવરપૂલની શાનદાર વાપસી

લેમિન યમાલના શાનદાર પ્રદર્શન છતાં પીએસજીએ બાર્સેલોનાની અજેય યાત્રા રોકીને પોઈન્ટ ટેબલ પર ટોચનું સ્થાન મેળવ્યું

18 વર્ષીય રિયો ન્ગુમોહાના શાનદાર પ્રદર્શનથી લિવરપૂલે બે ગોલથી પાછળ રહ્યા બાદ શાનદાર વાપસી કરી વિલારિયલને હરાવ્યું

પેરિસ, તા. 21 : પેરિસ સેન્ટ જર્મન (પીએસજી)એ ચેમ્પિયન્સ લીગ ફૂટબોલની એક રોમાંચક મેચમાં બાર્સેલોનાની 11 મેચોની વિજયી યાત્રા અટકાવીને 4-2થી શાનદાર વિજય મેળવ્યો છે. આ રોમાંચક મેચની છેલ્લી 20 મિનિટમાં ચાર ગોલ નોંધાયા હતા.

બાર્સેલોના તરફથી લમિને યમાલ અને ઝાવી એસ્પાર્ટે ગોલ કર્યા હતા જ્યારે પીએસજી માટે વિતિન્હા, ફાબિયન રૂઈઝ, ડેસિયર ડૌ અને લુકાસ હર્નાન્ડિઝે સ્કોર કર્યા હતા. બીજી તરફ એલેક્સિસ મેક એલિસ્ટરના શાનદાર પ્રદર્શનની મદદથી લિવરપૂલે વિલારિયલ સામે 4-3થી મેચ જીતી લીધી હતી. આ સાથે પીએસજી અને લિવરપૂલ બંને એવી ટીમો બની ગઈ છે જેમણે શરૂઆતની ત્રણેય મેચોમાં વિજય મેળવ્યો છે.

મેચ દરમિયાન ઉસ્માન ડેમ્બેલે અને ખ્વિચા ક્વારાત્સ્ખેલિયા ઈજાગ્રસ્ત થતા પીએસજીની ચિંતા વધી છે કારણ કે આગામી મેચોમાં આ બંને સ્ટાર ખેલાડીઓની ગેરહાજરી ટીમ માટે મુશ્કેલી ઊભી કરી શકે છે. રવિવારે રમાનાર રિયલ મેડ્રિડ સામેની ક્લાસિકો મેચ પહેલા બાર્સેલોનાએ ઝડપથી રમત સુધારવી પડશે. ફ્રાન્સમાં ચાલી રહેલા હિંસક વિરોધ પ્રદર્શનો અને અશાંતિ વચ્ચે આ મેચ યોજાઈ હતી જેના કારણે સ્ટેડિયમની બહાર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

અન્ય મુકાબલાઓમાં 18 વર્ષીય રિયો ન્ગુમોહાના શાનદાર પ્રદર્શનથી લિવરપૂલે શરૂઆતમાં બે ગોલથી પાછળ રહ્યા બાદ શાનદાર વાપસી કરી હતી. માન્ચેસ્ટર સીએ એથ્લેટિક એથેન્સને 5-1થી હરાવ્યું હતું જેમાં ફિલ ફોડેને હેટ્રિક ફટકારી હતી. નેપોલીએ સ્કોટ મેક્ટોમિનાયના બે ગોલની મદદથી બોડો ગ્લિમ્ટ સામે 4-3થી વિજય મેળવ્યો હતો. બોરુસિયા ડોર્ટમુંડે સબાહ સામે 2-1થી વિજય મેળવ્યો હતો જ્યારે રોમાએ સ્લોવાન બ્રાતિસ્લાવાને 4-0થી હરાવીને પ્રભાવશાળી દેખાવ કર્યો હતો.

અમદાવાદમાં શુક્રવારથી પ્રથમ કોમનવેલ્થ કબડ્ડી ચેમ્પિયનશિપ

13 દેશોની 23 ટીમોના 400થી વધુ ખેલાડીઓ સ્પર્ધામાં ભાગ લઇ કુલ 62 મેચો રમશે

અમદાવાદ, તા. 21 (પીટીઆઇ) : અમદાવાદ 23 થી 31 ઓક્ટોબર દરમિયાન પ્રથમ કોમનવેલ્થ કબડ્ડી ચેમ્પિયનશિપનું આયોજન કરશે. નવ દિવસની આ સ્પર્ધામાં 13 દેશો ભાગ લેશે. આ ચેમ્પિયનશિપમાં 23 ટીમો અને 400થી વધુ ખેલાડીઓ ભાગ લેશે. આ સ્પર્ધામાં 62 મેચો રમાશે. ભારતીય પુરુષ ટીમનું નેતૃત્વ સુરજીત સિંહ કરશે જ્યારે મહિલા ટીમનું નેતૃત્વ નિધિ શર્મા કરશે. આ સ્પર્ધામાં ભારત, શ્રીલંકા, બાંગ્લાદેશ, નાઈજીરીયા, કેન્યા, તાંઝાનિયા, કેનેડા, સિંગાપોર, મલેશિયા, યુગાન્ડા, ઈંગ્લેન્ડ, સ્કોટલેન્ડ અને ઓસ્ટ્રેલિયાની ટીમો ભાગ લેશે. બંને કેટેગરીના સેમિફાઈનલ 30 ઓક્ટોબરે રમાશે જ્યારે ફાઈનલ મેચ 31 ઓક્ટોબરે યોજાશે.

અંડર-19 મહિલા ટી-20 વર્લ્ડકપનું શેડ્યુલ જાહેર

નેપાળ અને બાંગ્લાદેશમાં રમાનારા વર્લ્ડકપમાં ભારતની જૂનિયર ટીમ પહેલી મેચ વેસ્ટ ઇન્ડીઝ સામે રમશે

દુબઈ, તા. 21 : ભારત 22 જાન્યુઆરીએ કાઠમંડુમાં વેસ્ટ ઈન્ડિઝ સામે આઈસીસી અંડર-19 મહિલા ટી20 વર્લ્ડ કપમાં પોતાના ખિતાબ બચાવવા માટે પોતાના અભિયાનની શરૂઆત કરશે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (આઈસીસી)એ આજે બુધવારે અંડર-19 મહિલા T20 વર્લ્ડ કપના શેડ્યૂલની જાહેરાત કરી, જે 21 જાન્યુઆરીથી 6 ફેબ્રુઆરી દરમિયાન બાંગ્લાદેશ અને નેપાળમાં રમાશે.

આ ટુર્નામેન્ટમાં 16 ટીમો ભાગ લેશે જે ચાર-ચાર ટીમોના ચાર ગ્રુપમાં વહેંચાયેલી હશે. આ મેચો ચટ્ટોગ્રામ, સિલહટ અને કાઠમંડુમાં રમાશે. બે વખતના ચેમ્પિયન ભારતને સહ-યજમાન નેપાળ, વેસ્ટ ઈન્ડિઝ અને આયર્લેન્ડ સાથે ગ્રુપ A માં મૂકવામાં આવ્યું છે. બાંગ્લાદેશ અને યુએઈ 21 જાન્યુઆરીએ ટુર્નામેન્ટની શરૂઆતની મેચ રમશે, જ્યારે ઓસ્ટ્રેલિયા તે જ દિવસે સિલહટમાં નાઈજીરીયા સામે ટકરાશે. ગ્રુપ સ્ટેજની મેચો 26 જાન્યુઆરી સુધી રમાશે. ત્યારબાદ સુપર સિક્સ મેચો શરૂ થશે. બંને સેમિફાઈનલ 4 ફેબ્રુઆરીએ ચટ્ટોગ્રામમાં રમાશે. ફાઈનલ પણ 6 ફેબ્રુઆરીએ ચટ્ટોગ્રામમાં રમાશે.

અંડર-19 વર્લ્ડકપના ગ્રુપ

ગ્રુપ એઃ ભારત, આયર્લેન્ડ, વેસ્ટ ઇન્ડીઝ અને નેપાળ

ગ્રુપ બીઃ દક્ષિણ આફ્રિકા, ન્યુઝીલેન્ડ, પાકિસ્તાન અને સમોઆ

ગ્રુપ સીઃ ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, નાઇજીરીયા અને યુએઈ

ગ્રુપ ડીઃ ઈંગ્લેન્ડ, શ્રીલંકા, યુએસએ અને સ્કોટલેન્ડ.

દક્ષ જેઠવાની ગુજરાતની અંડર-13 ટેબલ ટેનિસ ટીમમાં પસંદગી

સુરત : સાતમા ધોરણના વિદ્યાર્થી દક્ષ હિરેન જેઠવાની ગુજરાતની અંડર-૧૩ સ્ટેટ ટેબલ ટેનિસ ટીમમાં પસંદગી થઇ છે. દક્ષ જેઠવા હાલમાં સુફ્રેઝ ટેબલ ટેનિસ એકેડેમીમાં ટ્રેનિંગ મેળવી રહ્યો છે. તેની સ્ટેટ ટીમમાં પસંદગી બદલ તેની શાળાના પરિવાર અને સુરત ડિસ્ટ્રિક્ટ ટેબલ ટેનિસ એસોસિએશન દ્વારા તેને અભિનંદન અને શુભકામના પાઠવાઇ છે.

ખેલો ઇન્ડિયા વેઇટલિફ્ટિંગ સ્ટેટ સ્પર્ધામાં પરી કહારે સિલ્વર જીત્યો

સુરત : સુરતના ભાઠા ગામ વેઇટલિફ્ટિંગ ક્લબ ખાતે ખેલો ઇન્ડિયા વેઇટલિફ્ટિંગ ગુજરાત સ્ટેટ સ્પર્ધામાં પરી કહારે 49 કિલો યુથ ગ્રુપ કેટેગરીમાં ભાગ લઇને સિલ્વર મેડલ જીત્યો હતો. જેને પગલે તેને ક્લબના કોચ અને પરિવારજનો દ્વારા અભિનંદન પાઠવીને રાષ્ટ્રીય સ્તરે પણ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી સફળતા મેળવે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

ફ્રેન્ચ ઓપન : સિંધુ અપસેટથી માંડ બચી

પેરિસ, તા. 21 : બે વખતની ઓલિમ્પિક મેડલિસ્ટ પીવી સિંધુ ફ્રેન્ચ ઓપન સુપર 750 બેડમિન્ટન ટુર્નામેન્ટમાં અપસેટથી બચી ગઈ, તેણે વિશ્વની 26મી ક્રમાંકિત થાઈલેન્ડની સુપાનિદા કેથેથોંગને હરાવીને આગામી રાઉન્ડમાં પ્રવેશ કર્યો. માજી વર્લ્ડ ચેમ્પિયન અને વર્લ્ડ નંબર વન સિંધુએ એક કલાકથી વધુ ચાલેલી મેચમાં 21-14, 8-21, 23-21થી જીત મેળવી હતી. મહિલા સિંગલ્સના અન્ય એક મુકાબલામાં, ઉન્નતિ હુડ્ડા જાપાનની રીકો ગુંજી સામે 18-21, 21-12, 17-21થી હારી ગઈ.